ગાંધીનગરમાં વરસાદે બઘડાટી બોલાવી હતી. ધોધમાર વરસાદ વરસતા શહેરીજનોની સાથોસાથ મોર જેવા પક્ષીઓ ખુશખુશાલ બની ગયા હતા. મોરના ટહૂકાથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. શહેરના જંગલ વિસ્તારમાં જ્યાં નજર કરો ત્યાં મોર જોવા મળી જતાં હતા. પોલીસભવનવાળા રોડ પર આસપાસ જ્યાં નજર કરો ત્યાં મોર અને ઢેલ જોવા મળતા હતા. વરસાદનો જાણે આનંદ માણતા હોય તેમ મોર વિવિધ કળાઓ કરતા પણ જોવા મળી જતાં હતા.

છેલ્લા એક માસમાં ૫૫ સર્પદંશ, છતા તમામનો બચાવ

ગાંધીનગર, તા.૯

ચોમાસાની સિઝનમાં ગાંધીનગર શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા એક માસમાં સર્પ દંશના ૫૫ કેસ સામે આવ્યા છે. ખેતરમાં કે ઘરમાં કામ કરતા હોય તેવા સમયે સાપ કરડયાના બનાવો ધ્યાને આવ્યા છે. ત્યારે સર્પદંશમાં સમયસર સારવાર મળતા તમામ વ્યકિતના જીવ બચી ગયા હોવાનું પણ જાણવા મળ્યું છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચોમાસાની સિઝનમાં જ સાપ કરડવાના કિસ્સા વધુ કેમ બને છે, અને આ સિઝનમાં જ સાપ વધુ દેખાય છે. તે અંગે શહેરના સર્પ ના જાણકાર ધર્મેન્દ્ર ત્રિવેદી અને અમિતભાઈ જણાવે છે કે તે શિયાળા દરમિયાન હાઈબરનેશ (શિતનિંદ્રા)માં હોય છે.ઉનાળામાં તેમજ ચોમાસાની સિઝનમાં તેમનો મેટીંગ તેમજ નવા બચ્ચા જન્મવાનો સમય હોય છે. સાપ કોલ્ડ બલ્ડ ધરાવતી પ્રજાતિ છે. જેના કારણે તેને ઠંડી ગરમી અને ભેજની અસર સૌથી વધુ થાય છે. શિયાળામાં તે ગરમીથી બચવા હાઈબરનેશનની પ્રક્રિયા દરમિયાન જમીન નીચે જતા રહે છે. ખોરાકની અને ઉર્જાની જરુરીયાત સંતોષવા માટે તે ચોમાસા દરમિયાન ભરપુર પ્રમાણમાં બહાર નીકળી આવતા જીવ-જંતુઓ, દેડકા, ઉંદર, પક્ષીઓના ઈંડા સહિતની ચીજવસ્તુઓ ખાઈને ચરબીના થર જમા કરે છે.જે શિયાળાના ચાર મહિના હાઈબરનેશન દરમિયાન તેને ઉર્જા પુરી પાડવાનું કામ કરે છે. ઘણા કિસ્સામાં કેટલાક વ્યકિતઓ સાપ થી ડરીને તેને મારી દેતા હોય છે. પરંતુ સાપ પ્રકૃતિનું આહાર શૃંખલાનું એક અગત્યનું પાસુ હોવાથી તેની આપણી વચ્ચે રહે તે પણ એટલુ જરુરી છે. તો સાપને ન મારવા માટે પણ પ્રકૃતિપ્રેમીઓએ અપીલ કરી છે.

સાપ જાણી જોઈને હુમલો કરતો નથી

સાપ કયારેય પણ જાણી જોઈને કોઈપણ વ્યકિત પર હુમલો કરતો નથી, જો સાપ દબાણમાં આવે તો અથવા તો તેને ભાગવાની જગ્યા ન રહે, અને ખતરો મહેસુસ થાય તેવા કિસ્સામાં જ તે સ્વબચાવમાં કરડે છે. તે સિવાય તે માત્ર ને માત્ર ભાગી જવાનું પસંદ કરે છે.

ચોમાસામાં ધ્યાન રાખવા જેવી બાબતો

ઘાસમાં ચાલવાનું ટાળવું, બુટ કે સેન્ડલ પહેરીને બહાર નીકળવુ, રાત્રીના સમયે અંધકારમાં હાથ નાંખતા પહેલા એકવાર જોઈ લેવું. કોઈપણ વ્યકિતને સર્પ દંશ થાય તો નજીકની સરકારી હોસ્પિટલમાં પહોંચી જવું. જેથી સમયસર સારવાર મળી રહે.

સાપ દેખાય તો તુંરત કોલ કરો

- કૌશલભાઈ - ૯૯૯૮૦ ૭૭૭૦૧
- અમિતભાઈ - ૮૪૦૧૪ ૮૮૫૮૮
- દેવલભાઈ - ૯૬૨૪૫ ૫૨૫૫૫
- તેજસભાઈ - ૭૯૯૦૩ ૧૬૯૭૦ (કોલવડા)
- અજીતભાઈ - ૯૯૯૮૦ ૦૫૦૦૯
- વિવેકભાઈ - ૯૮૯૮૮ ૨૫૬૨૧
- ધર્મેન્દ્રભાઈ- ૯૯૭૮૪ ૦૫૯૬૭
- આશુતોષભાઈ - ૭૪૩૬૦ ૨૦૧૧૧
- પ્રદિપભાઈ - ૯૮૨૪૨ ૫૬૪૧૦

ખૂણેખાંચરેથી

● રક્ષાબંધનના પર્વને લઈ રાખડીઓના ભાવમાં ઉછાળો આવતાં મહિલાઓ દ્વારા ખરીદી માટેના ભાવ-તાલમાં વ્યસ્ત બનેલી જોવા મળી હતી.

● પોષ્ટ ઓફિસમાં પણ રાખડીના કવરોનો ભરાવો થતાં કુરિયરનો સહારો લેતી મહિલાઓ વધુ પૈસા ચુકવી ફાસ્ટ ટેગ કુરિયરમાં રાખડીઓ મોકલી રહી છે.

● આજે શ્રાવણ તીર્થયાત્રાને લઈ વોર્ડ નં. ૫ માંથી ૩ અને શહેરમાંથી ૧૮ બસો ઉપડી હતી.

● ગાંધીનગર શહેર ભાજપ યુવા મોરચા દ્વારા ત્રિરંગાયાત્રાને લઈ બાઈકરેલી યોજી હતી.

● ગાંધીનગર શહેરમાં મિઠાઈની દુકાનોમાં નવી મિઠાઈઓ આવતાં ઘરાકીનો માહોલ જામ્યો.

● માણસા અને ડાભલા પાંજરાપોળ ખાતેના પશુઓને લમ્પી રોગથી બચાવવા આજે ૫ હજારથી વધુ રસીકરણ કરવામાં આવ્યુ હતુ.

● આજે વિશ્વ વાઘ દિવસની ઉજવણી કરવામાં આવશે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતના સર્વિસ રોડ તેમજ પંચાયત સંકુલમાં વરસાદથી પડેલા ખાડાઓ પૂરવાની કામગીરી આજે પૂરજોશમાં હાથ ધરાઈ હતી. કપચીનો રગડો નાખી આ ખાડાઓ પુરવામાં આવી રહ્યા છે.

● ગાંધીનગર શહેરમાં પર્વો નજીક આવતાં જ શાકભાજીના અને ફળોના ભાવમાં ઉછાળો નોંધાયો છે.

● ગાંધીનગરની સીટીબસ અને ગ્રામ્ય વિસ્તારની બસો સમયસર ન દોડતી હોવાની તેમજ ગ્રામ્ય વિસ્તારની બસો નિયત સ્ટેન્ડો પર ઉભી ન રહેતી હોવાની પણ ફરિયાદો ઉઠી છે.

● ગાંધીનગર શહેરમાં આજે રજાનો માહોલ હોવાથી ટ્રાફિકનું ભારણ પણ ઓછુ જણાયુ હતુ.

● આજે ગાંધીનગરમાં તાજિયા ઝુલુસ નીકળ્યા હતા. નદી કિનારે સાંજના સુમારે તાજિયા ઠંડા કરાયા હતા.

ચિલોડા બ્રહ્માકુમારી સેવા કેન્દ્ર ખાતે રક્ષાબંધન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૯

ચિલોડા ગામે બ્રહ્માકુમારીના સંચાલિકા તથા રાજયોગિની તારાદીદીએ ચિલોડા હોમગાર્ડ યુનિટના હોમગાર્ડ જવાનોને રક્ષાબંધન પર્વ નિમિત્તે જવાનોને રાખડી બાંધી જીવનમાં તેનું મહત્વ સમજાવ્યું હતું. આ સાથે વ્યસનમુક્તિના સંકલ્પ લેવડાવ્યા હતા. આ પ્રસંગે જિલ્લા હોમગાર્ડ કમાન્ડર વી.આર. પ્રજાપતિ, સેકન્ડ કમાન્ડર ગાંધીનગર પરમાર સાહેબ તથા એ.એ. પટેલ વગેરે ઉપસ્થિત રહી તારાદીદીએ સર્વ જવાનોને સારી રીતે કર્તવ્યનિષ્ઠાપૂર્વક ફરજ બજાવી સુરક્ષા એજ સેવાને વરેલા જવાનોને શુભેચ્છા પાઠવી હતી.

શાહપુર સર્કલ થી ગીફટસીટીના માર્ગ પર કારની ટક્કરે બાઈક ચાલકને ઈજા

ગાંધીનગર, તા.૯

શાહપુર સર્કલ થી ગીફટસીટી તરફ જવાના માર્ગ પર બાઈક-અલ્ટો કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. ખેતરમાંથી બાઈક પર શાહપુર ગામમાં જઈ રહેલા દંપતિને રોંગ સાઈડે આવેલી અલ્ટો કારના ચાલકે ટક્કર મારી હતી. જેમાં બાઈક પર સવાર દંપતિ નીચે પટકાયુ હતું. જેમાં મહિલાને સામાન્ય ઈજા પહોચી હતી અને બાઈક ચાલક રમેશજીને પગના ભાગે ગંભીર ઈજા થતા ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શાહપુર ગામે રહેતા શૈલેષજી ઠાકોર(ઉં.૨૯) માતા-પિતા, પત્ની અને બાળકો સાતે રહે છે.જયારે શૈલેષજી ગ્રામ સેવક તરીકે શેરથા ગામે ફરજ બજાવે છે. શૈલેષભાઈ નોકરી પર હાજર હતા. તે સમયે બાજુના ખેતરના માલિકે ફોન કરીને તારા પિતાને અકસ્માત થયો હોવાની જાણ કરી હતી અને દવાખાને લઈ ગયા હતા. જયારે નોકરી પરથી નીકળીને શૈલેશ ઠાકોર તેમના પિતા સારવાર લઈ રહ્યા હતા ત્યાં ગયા હતા. તેઓએ તેમના પિતાજીને અકસમાત અંગે પુછતા તેઓએ જણાવ્યું કે હુ અને તારી માતા ખેતરમાંથી બાઈક પર ઘરે આવી રહ્યા હતા. તે સમયે ખેતરના નાળીયામાંથી શાહપુર સર્કલ થી ગીફટસીટી તરફ જતા પાકા ડામર રોડ પર આવતા એક કાર ચાલકે તેની કાર ગીફટસીટીથી શાહપુર સર્કલ તરફ રોંગ સાઈડ પુર ઝડપે કાર ચલાવી બાઈકને અથડાવી હતી. જયારે અકસમાત બાદ કાર ચાલક નાસી ગયો હતો. જયારે દંપતિ નીચે પટકાતા શરીરે ઈજા પહોંચી હતી. જયારે બાજુમાં ખેતર ધરાવતા બકાભાઈ આવી પહોંચતા સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ આવ્યા હતા.જયાં ડોકટરે તપાસ કરી ડાબા પગની ઢાંકણીમાં ફ્રેકચરનું નિદાન થયું હતું. બનાવ અંગે શૈલેષજીએ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા આગળની કાર્યવાહી હાથ ધરી છે.

શ્રી પંચદેવ મંદિર બન્યું મહાનગરનું મહાકાલ મંદિર

ગાંધીનગર, તા. ૯

પવિત્ર શ્રાવણના સોમવારે શ્રી પંચદેવ મંદિરના ઈતિહાસમાં સૌ પ્રથમવાર મહાદેવની ભસ્મ આરતી નીલકંઠશાસ્ત્રી દ્વારા કરવામાં આવી હતી. જેનો લાભ મોટી સંખ્યામાં ભક્તોએ લીધો હતો. જેવી રીતે શ્રી પંચદેવને નગરદેવ રથયાત્રાના લીધે જગન્નાથ મંદિર તરીકે ઓળખવામાં આવે છે. તેવી રીતે હવે ગાંધીનગરનું મહાકાલ મંદિર કહેવાય તો નવાઈ નહિ. આગામી ૧૫ અને ૨૨ તારીખે તથા અમાસના દિવસે ભસ્મ આરતી કરવામાં આવશે.

સેક્ટર-૫-એ શિવશક્તિ મંદિર ખાતે કાચના હિંડોળા યોજાયા હતા. રાધા કૃષ્ણ મહિલા મંડળ દ્વારા ખૂબ જ મહેનતથી આ હિંડોળા બનાવાયા હતા. ભાવિકોએ મોટી સંખ્યામાં કાચના હિંડોળાના દર્શનનો લાભ લીધો હતો.

શહેરના સેકટર-૩ સી ખાતેથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરમાં વાહનચોરી અટકવાનું નામ લેતી નથી. પાટનગરમાંથી સમયાંતરે બાઈક ચોરીના બનાવ સામે આવે છે. ભરચક વિસ્તાર તો ઠીક હવે રહેણાંક વિસ્તારમાંથી પણ બાઈક ચોરીના કિસ્સા સામે આવે છે. ત્યારે સેકટર-૩ સી માંથી હીરો સ્પ્લેન્ડર બાઈકની ચોરી થવા પામી છે. સેકટર-૭ પોલીસ મથકે રૂ.૪૦ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ ભાવનગરના અને હાલ ગાંધીનગર શહેરના સેકટર-૩ સી પ્લોટ નં.૬૮૯-૨ ખાતે રહેતા ભૌતિક વિપુલ સવાણી (ઉં.૨૨) ગીફટસીટીમાં નોકરી કરે છે. ગીફટસીટી નોકરી પર આવન-જાવન માટે ભૌતિકભાઈ પોતાના મિત્રનું હીરો સ્પ્લેન્ડર બાઈક નં. જી.જે.૦૪.ડી.કે.-૭૫૬૦નો ઉપયોગ કરતા હતા. ગત તા.૬ ઓગસ્ટના રોજ સેકટર-૩ સી ખાતે ઘરે બાઈક મુકીને તેઓ બે દિવસ બહાર ગયા હતા. ત્યારબાદ આવીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. જેથી આસપાસના વિસ્તારમાં તપાસ કરવા છતા બાઈક મળી આવ્યું ન હતું. જયારે હીરો સ્પ્લેન્ડર ગ્રે કલરના રૂ.૪ હજારની કિંતમના બાઈકની ચોરી થઈ છે. બનાવ અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ચિલોડાથી ડભોડા હનુમાનજી મંદિર સુધી તિરંગા યાત્રા યોજાઈ

ગાંધીનગર, તા.૦૯

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ગાંધીનગર તાલુકા યુવા મોરચા દ્વારા ચિલોડાથી ડભોડા હનુમાનજી મંદિર સુધી આયોજિત તિરંગા યાત્રા બાઈક રેલી સ્વરૂપે તેમજ ૧૦૦ ફૂટ લાંબા રાષ્ટ્રધ્વજ સાથે પદયાત્રા નીકળી હતી જેમાં ગાંધીનગર તાલુકા યુવા મોરચાના પ્રમુખ આશિકભાઈ પટેલ તેમજ આ તિરંગા યાત્રાના ઈન્ચાર્જ સુરેશભાઈ યાદવ તેમજ ગાંધીનગર તાલુકા મોરચાની સમગ્ર ટીમ દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આ તિરંગા યાત્રામાં ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલ, ગાંધીનગર જિલ્લા ભાજપ યુવા મોરચાના પ્રમુખ વિજેન્દ્રસિંહ વાઘેલા, મહામંત્રી જયમીનભાઈ પટેલ, પ્રદેશ કારોબારી સભ્ય રોનકભાઈ પટેલ તેમજ ગાંધીનગર તાલુકા પ્રમુખ મહોબતસિંહ સોલંકી, મહામંત્રી પિયુષભાઈ પટેલ, લાલભાઈ ચૌધરી સાથે મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓએ ઉપસ્થિત રહીને આ તિરંગા યાત્રાને સફળ બનાવી હતી.

અંગ્રેજોના શાસનથી ભારતને સ્વતંત્રતા મળ્યાંના ૭૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે વડાપ્રધાન દ્વારા ''હર ઘર તિરંગા'' અભિયાન છેડવામાં આવ્યું છે. જે અંતર્ગત આજે શહેરના સેક્ટર-૨ ખાતે યોજાયેલી તિરંગા યાત્રામાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ તિરંગા વિતરણ કર્યુ હતુ. તિરંગા યાત્રામાં મેયર હિતેશ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ સહિત શહેર ભાજપ પ્રમુખ રૂચિર ભટ્ટ તથા ભાજપના દોદેદારો-અગ્રણીઓ જોડાયા હતા.

''હર ઘર તિરંગા'' અભિયાનને વેગ મળે તે હેતુથી શહેરમાં ઠેર ઠેર તિરંગા યાત્રાઓ યોજાઈ રહી છે. પેથાપુરમાં શેઠ એમ.વી. પટેલ શાળાના વિદ્યાર્થીઓએ શાળાના આચાર્ય પ્રવિણભાઈ પટેલ અને શિક્ષકગણના માર્ગદર્શનમાં તિરંગા યાત્રા યોજી હતી અને દેશભક્તિના સુત્રો પોકાર્યા હતા.

તારાપુર બ્રિજ પર કાર ચાલકે કાબુ ગુમાવતા ડીવાઈડર કુદી સામેની કાર સાથે ટકરાઈ

અકસ્માતમાં ત્રણ યુવકમાંથી ગંભીર ઈજા પહોંચતા એક યુવકનુ મૃત્યુ

ગાંધીનગર, તા.૯

અડાલજ થી ગાંધીનગર તરફ આવી રહેલી કાર તારાપુર બ્રિજ પસાર કરી રહી હતી, તે સમયે અચાનક કારના ચાલકે કાબુ ગુમાવતા કાર ડીવાઈડર કુદીને સામેથી આવી રહેલી કાર સાથે ધડાકાભેર ટકરાઈ હતી. બપોરે ચાર વાગ્યાના સમયે થયેલા અકસ્માતને પગલે રાહદારીઓ ને વાહનચાલકો એકઠા થઈ ગયા હતા.અકસ્માતને પગલે થોડા સમય માટે ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. બનાવને પગલે સ્થાનિક નાગરીકોએ બચાવ કામગીરી પણ હાથ ધરી હતી. ઈજાગ્રસ્તનો તાત્કાલીક સારવાર માટે લઈ જવાયા હતા. આ બનાવમાં કારમાં સવાર ત્રણ યુવકોમાંથી એક યુવકનું ગાંધીનગર સિવિલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું છે.

પીડીપીયુ થી ગીફટસીટી માર્ગ પર કારની ટક્કરે મોપેડ ચાલક યુવક ઈજાગ્રસ્ત

ગાંધીનગર, તા.૯

પીડીપીયુ થી ગીફટસીટી તરફ જવાના માર્ગે બ્રિજ પર અજાણી કારના ચાલકે મોપેડને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં મોપેડ ચાલક માર્ગ પર નીચે પટકાતા શરીરે તેમજ ડાબા કાને અને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પીડીપીયુ કોલેજ ખાતે બી-ટેકના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતો રાહુલ ગુલાટી હોસ્ટેલમાં રહે છે. જયારે પીડીપીયુ કોલજ થી અન્ય જગ્યા પર આવવા જવા માટે રાહુલ મેઈસ્ટ્રો નં.જી. જે.૦૫. એસ.એન.-૪૩૧૪ નો ઉપયોગ કરતો હતો. જયારે ગત તા.૭ ઓગ્ગસ્ટના રોજ સાંજના સુમારે મેઈસ્ટ્રો લઈને રાહુલ પીડીપીયુ થી ગીફટસીટી તરફ જઈ રહ્યો હતો. તે સમયે બ્રિજ પર પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ગાડી નં. જી.જે.૧૮.બી.એ.-૦૪૨૦ ના ચાલકે રાહુલના મેઈસ્ટ્રો સાથે અકસ્માત સર્જાયો હતો. જેમાં રાહુલ નીચે પટકાતા માથાના ભાગે અને ડાબા કાને ઈજા પહોંચી હતી.જયારે કાર ચાલકે પોતાનું નામ દેવ જોશી જણાવ્યું હતું. રાહુલ ગુલાટીને ઈજા પહોચતા ૧૦૮ દ્વારા ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ જવાયો છે. જયારે રાહુલના પિતા સુરત ખાતે રહે છે અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે. જયારે દિકરાને અકસ્માત થયાની જાણ થતા તેઓ ગાંધીનગર ખાતે દોડી આવ્યા હતા.બનાવ અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

ચિલોડા ચાર રસ્તાથી ડભોડિયા હનુમાનજી દાદાના મંદિર સુધી ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા સર્કલથી ગાંધીનગર તાલુકા યુવા મોરચા આયોજિત ચિલોડા ચાર રસ્તાથી શ્રી ડભોડિયા હનુમાનજી દાદાના મંદિર સુધી ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ હતી. જેમાં ભાજપના મુખ્ય પદાધિકારી, તાલુકા યુવા મોરચાના હોદેદારો વગેરે સૌએ ભેગા મળીને ડભોડિયા હનુમાનદાદાને મા ભારત માતાને પરમ વૈભવ સુધી લઈ જવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને સમર્થ શક્તિ આપવા માટે સામુહિક પ્રાર્થના થકી મંગલકામના વ્યક્ત કરી હતી.

ગાંધીનગર મહાનગરપાલિકા અને એપોલો હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે નિઃશુલ્ક આરોગ્ય નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં મેયર સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નવ ગુજરાત બીસીએ કોલેજ ખાતે માર્ગદર્શન સેમિનાર યોજાયું

ગાંધીનગર, તા. ૯

નવ ગુજરાત બી.સી.એ. કોલેજ ગાંધીનગર દ્વારા નવા વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન સેમીનારનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જે અંતર્ગત સંસ્થાના આચાર્ય ધવલ રૂડકિયા દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.

કોઈપણ હરવા ફરવાના સ્થળે જઈએ એટલે યુવાનો હાથમાં કેમેરા લઈ સેલ્ફી લેતા નજરે ચઢી જાય છે. સોશીયલ મીડિયાનો વ્યાપ વધતા સેલ્ફીનો ક્રેઝ પણ ખુબ વધ્યો છે. લગભગ દરેકની પાસે સ્માર્ટ ફોન હોવાથી સેલ્ફી લેવુ એકદમ આસાન બની ગયુ છે. રીનોવેશન બાદ સરિતાઉદ્યાનમાં ઘણા પર્યટકો અને મુલાકાતીઓ આવે છે. અહીં સેલ્ફી પોઈન્ટ મુકી પ્રવાસીઓના આકર્ષણમાં વધારો કરાયો છે.